# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## PMSVANidhi યોજના હેઠળ “સ્વનિધિ સે સમૃદ્ધિ યોજના” અંતર્ગત રૂ.૧૦,૦૦૦/-ની લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને રૂ. ૨૦,૦૦૦/-ની લોનનો લાભ તથા લોન મેળવેલ શહેરી શેરી ફેરીયાઓ અને તેમના પરિવારજનોને વિશેષ આઠ પ્રકારની અન્ય યોજનાઓનાં લાભ લેવા અનુરોધ

તારીખ: ૧૫-૦૧-૨૦૨૨

PMSVANidhi (PM Street Vendors AtmaNirbhar Nidhi) યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃ સ્થાપિત કરી આત્મનિર્ભર બને તેમજ તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી રૂ. ૧૦,૦૦૦/- સુધીની વર્કિંગ કેપિટલ લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને બીજા તબક્કાની રૂ. ૨૦,૦૦૦/-ની લોન અરજી કરાવવા માટે લાભાર્થીએ લોન પૂર્ણ થયાનું બેંકનાં પ્રમાણપત્ર સાથે રાજકોટ મહાનગરપાલિકા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

તદુપરાંત લોન મેળવેલ લાભાર્થીઓ અને તેમના પરિવારજનો માટે મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ, નવી દિલ્હી દ્વારા સામાજીક આર્થિક મૂલ્યાંકન(Socio-Economic Profile) અંતર્ગત સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ આ લાભાર્થીઓને સરળતાથી મળી રહે તે માટે જનની સુરક્ષા યોજના, માતૃવંદના યોજના, વન નેશન વન રેશનકાર્ડ, પી.એમ. જનધન યોજના, પી.એમ. જીવનજ્યોતિ યોજના, પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, બાંધકામ અને કન્સ્ટ્રકશન સાથે સંકળાયેલ કામદારોનું રજીસ્ટ્રેશન જેવી વિવિધ યોજનાઓનો લાભ લેવા તથા શહેરી શેરી ફેરિયાઓની પ્રોફાઈલીંગની કામગીરી પણ રાજકોટ મહાનગરપાલિકા ખાતે કરવામાં આવે છે.

આ વિવિધ આઠ પ્રકારની યોજનાઓ પૈકી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને લાભ મેળવવા માટે શેરી ફેરીયાઓએ પોતાના પાસપોર્ટ સાઈઝનો ફોટો , પરિવારના તમામ સભ્યોના આધારકાર્ડ , ચુંટણી કાર્ડ , રેશનકાર્ડની નકલ, બેંક પાસબુક જેવા ડોક્યુમેન્ટ સાથે તથા બીજા તબક્કાની રૂ.૨૦ ,૦૦૦/- ની લોન માટે પ્રોજેક્ટ શાખાના NULM સેલ, રાજકોટ મ્યુનિસિપલ ક્રેડીટ સોસાયટીની ઉપરના ભાગે , ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ મહાનગરપાલિકાનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા